# પેથાપુર નગર પાલિકા દ્વારા સફાઈ કર્મચારીઓને લઘુત્તમ વેતન ચુકવાતું નથી

## ગાંધીનગર અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયને કામદારોને લઘુત્તમ વેતન અપાવવા મુખ્યમંત્રીનો રજુઆત કરી

ગાંધીનગર, તા.૨૨

દેશને મોતી જેવો ચોખ્ખો બનાવવા માટે સરકાર દ્વારા નગારા વગાડીને પ્રચાર કરવામાં આવી રહ્યો છે. પાટનગરની બગલમાં આવેલા પેથાપુર નગરપાલિકાના સફાઈ કામદારોની પરિસ્થતિ કફોડી બનવા પામી છે. સફાઈ કામદારોને લઘુત્તમ વેતન પ્રમાણે વેતન ચુકવવામાં આવતું નથી તેમ ગાંધીનગર-અમદાવાદ સફાઈ કામદાર યુનિયને આક્ષેપ કર્યો છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. નેતાઓથી માંડીને તમામ લોકો આ કાર્યમાં જોડાયા છે. પરંતુ ખરા અર્થમાં જે લોકો સફાઈ કરી જીવન ગુજારી રહ્યા છે તેમની હાલત કફોડી બની છે.

પાટનગર પાસેના પેથાપુર નગરપાલિકા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન ચુકવવામાં આવતું નથી. આ બાબતની રજૂઆત ગત તા. ૨૮-૩-૨૦૧૫ અને તા. ૧૨-૩-૨૦૧૫ના રોજ નગરપાલિકા ચીફ ઓફિસરને કરવામાં આવી હતી. પંરતુ આ બાબત પર પુરતું ધ્યાન આપવામાં આવતું નથી.

ત્યારે ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે રૂ. ૧૧૮ જે ચુકવીએ છીએ તે પણ અમે અમારા ઘરના ચુકવીએ છીએ તેમ કહી સફાઈ કામદારોને ધૂતકારી હડધૂત કરવામાં આવ્યા હતા. સફાઈ કામદારોને વેતન વધારી આપવામાં આવે તે માટે ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા આ બાબતે મુખ્યમંત્રી, શહેરી વિકાસ સચિવ, કલેકટર ગાંધીનગર રાષ્ટ્રીય આયોગ અને પેથાપુર ઈન્ચાર્જને લેખિત પત્ર લખી રજૂઆત કરી છે.



શરબત વિતરણ - ગુરૂ અરજણલ દેવજીના શહીદ દિન નિમિત્તે ગાંધીનગરના જાહેર માર્ગો પર ગરમીમાં શરબત વિતરણનો કાર્યક્રમ દિવસ દરમિયાન યોજાયો હતો. તાપમાં ઠંડક આપવાના ઉમદા હેતુ સાથે શીખ સમુદાય દ્વારા સેવાકીય અભિગમથી ઘ-૫ પાસે વાહન ચાલકો અને રાહદારીઓને શરબતનું વિતરણ કરાયું હતું.

# ગાંધીનગર જિલ્લામાં જીવલેણ અકસ્માતો નિવારવા સઘન સર્વે

**નેશનલ હાઈવે ઓથોરિટી, સ્ટેટ હાઈવે ઓથોરિટી, માર્ગ-મકાન ખાતુ અને ટ્રાફિક પોલીસે છેલ્લા ત્રણ વર્ષના અકસ્માતોનો સર્વે કરી સઘન ચર્ચા હાથ ધરી : એકિસડેન્ટ ઝોન જાહેર કરવા, સ્પીડ લીમીટ, ભયજનક વળાંક જેવા જરુરી બોર્ડ લગાવવા, સ્પીડ બ્રેકર કે રીફલેકટર્સ મુકવા, હાઈ માસ્ક લાઈટ કે ટ્રાફિક પોઈન્ટ મુકવા જેવા સૂચનો કરાયા : કેટલીક જગ્યોથી નડતરરૂપ વૃક્ષો કાપવાના પણ સૂચનો કરાયાં**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જીવલેણ રોડ અકસ્માતોનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. અકસ્માતોના વધતા જતા આંકડા પર નિયંત્રણ મેળવવા તાજેતરમાં નેશનલ હાઈવે ઓથોરીટી, સ્ટેટ હાઈવે ઓથોરીટી, માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો અને ટ્રાફિક પોલિસ દ્વારા વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૫ સુધીમાં થયેલા અકસ્માતો અંગે સર્વે કરાવી સંયુકત પણે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. સર્વેના આધારે ચર્ચા બાદ જીવલેણ અકસ્માતોના કારણો જાણી નિવારવા માટે વિવિધ પગલા જેવા કે અકસ્માત સંભવિત વિસ્તાર જાહેર કરવો કે ગતિ મર્યાદાના બોર્ડ અથવા સ્પીડ બ્રેકર મુકવા તે અંગે તારણો રજૂ કરાયાં હતાં.

સમગ્ર જિલ્લામાં કરાયેલા સર્વેમાં ગાંધીનગર શહેર કરતા ગ્રામ્ય વિસ્તારમાં અકસ્માતનું પ્રમાણ વધુ જણાયું હતું. જેમાં ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં સૌથી વધુ ૫૧ જીવલેણ અકસ્માતો નોંધાયા હતા, જયારે દહેગામ અને ચિલોડા પોલિસ સ્ટેશનની હદમાં અનુક્રમે ૩૯ અને ૩૮ અકસ્માતો નોંધાયા હતા. આ ઉપરાંત કલોલ તાલુકામાં ૨૧, અડાલજમાં ૨૦, માણસામાં ૧૫, કલોલ શહેરમાં ૧૨, સાંતેજમાં ૯ અને પેથાપુરમાં ૬ જીવલેણ અકસ્માતો નોંધાયા હતા. ગાંધીનગર શહેરમાં માત્ર સે-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં ૧૩ જીવલેણ અકસ્માત નોંધાયા છે જયારે સે-૭ અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશને કોઈ જીવલેણ અકસ્માત નોંધાયો નથી. આ ઉપરાંત રખિયાલ પોલીસ સ્ટેશને પણ છેલ્લા ત્રણ વર્ષમાં જીવલેણ અકસ્માતની સંખ્યા શૂન્ય રહેવા પામી છે.

ચિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સૌથી વધુ ૮ સ્થળોએ, ડભોડામાં ૭ સ્થળોએ, સે-૨૧માં ૬ સ્થળો અને કલોલ શહેર, દહેગામ તથા અડાલજમાં ૫ સ્થળો જયારે અન્ય પોલીસ સ્ટેશનોમાં તેથી ઓછા સ્થળોએ જીવલેણ અકસ્માતો નોંધાયા છે. તમામ અકસ્માતો અંગેના કારણો તેમજ સ્થળો વિશે નેશનલ હાઈવે ઓથોરીટી, સ્ટેટ હાઈવે ઓથોરીટી, માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો તથા જિલ્લા ટ્રાફિક પોલિસ દ્વારા સંયુકત ચર્ચા યોજવામાં આવી હતી. આ ચર્ચાના ફળ સ્વરૂપે જીવલેણ અકસ્માતોનું પ્રમાણ શકય હોય તેટલું ઘટાડવા વિવિધ પગલા લેવા સૂચનો કરાયા હતા. આ સૂચનોમાં અકસ્માત ઝોન જાહેર કરવો, વાહન ધીરે ચલાવવું, સ્પીડ લીમીટનું બોર્ડ મુકવું, સ્પીડ બ્રેકર લગાડવા, સ્પીડ બ્રેકર પર પટ્ટા દોરવા, ભયજનક વળાંકના બોર્ડ લગાડવા, ડીવાઈડર વચ્ચે જાળી મુકવી, રીફલેકટર કેપ લગાડવી, ઝીબ્રા ક્રોસીંગના પટ્ટા દોરવા, સર્કલ મોટા બનાવવા, સોલર બ્લીંકર લાઈટ મુકવી, હાઈ માસ્ક લાઈટ લગાડવી, ટ્રાફિક નિયમનના પોઈન્ટ મુકવા ઉપરાંત નડતરરૂપ ઝાડ કાપવાના સુચનનો પણ સમાવેશ થાય છે.

## ગાંધીનગર ખાતે સેવા વસ્તીના ૬૧૬ લાભાર્થીઓને આવાસોની ચાવી અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયની શાસનધુરા સંભાળે આજે એક વર્ષ પુર્ણ થયું છે. જે નિમિત્તે આજરોજ ગાંધીનગર શહેરની વિવિધ સેવા વસ્તીઓમાં રહેતા પરિવારોના પુનઃવસન અને પુનઃવિકાસ માટે ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામની સીમમાં તૈયાર કરવામાં આવેલ એફોર્ડેબલ હાઉસીંગ મિશનના મકાનોની ચાવી ડ્રોમાં મકાન મેળવેલ સેવા વસ્તીના લાભાર્થીઓને ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી કાર્તિકભાઈ પટેલ અને જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના હસ્તે આપવામાં આવી હતી.

ગુજરાતનો નાગરિક સેવા વસ્તીમાં ન રહે અને તેનું જીવન ધોરણ ઉંચુ લાવવાના ઉમદા આશયથી રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગાંધીનગરના આંગણે રૂપિયા ૪૭ કરોડના સુવિધા સજ્જ ખર્ચે ૮૦૦ મકાનો તૈયાર કરવામાં આવ્યા છે. આ મકાનોનો ડ્રો કરીને ૬૧૬ સેવા વસ્તીઓના પરિવારને આવાસની ફાળવણી કરવામાં આવી હતી.

આજરોજ ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી કાર્તિકભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના હસ્તે ડ્રોમાં મકાન મેળવનાર અને નિયમોનુસાર નાણા ભરનાર લાભાર્થીઓને મકાનની ચાવી સુપ્રત કરવામાં આવી હતી. મકાનની ચાવી મેળવનાર તમામ લાભાર્થીઓને કલેકટર શ્રી રવિશંકર અને અન્ય મહાનુભાવો દ્વારા મીઠું મોઢુ કરાવવામાં આવ્યું હતું. મકાન મેળવનાર લાભાર્થીઓએ રાજય સરકારનો આભારમાની આનંદની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ પટેલ, નિવાસી અધિક કલેકટર શ્રી વી.જી.કાલરિયા, પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી વસાવા, જમીન ફાળવણી મામલતદાર શ્રી જેઠવા સહિત અન્ય મહાનુભાવો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# ચિલોડા સર્કલે નડતરરૂપ પાર્કિંગ સામે લાલ આંખ

## જાહેર માર્ગ પર આડેધડ વાહનો પાર્ક કરનાર વાહનચાલકો સામે એ.એસ.પી.નો સપાટો

ચિલોડા, તા.૨૨

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ સૌનું આકર્ષણ મોખરાનું સ્થાન ગણાય છે. સતત ધમધમતા હાઈવે માર્ગ પર અસંખ્ય વાહનો અને લોકોની ભારે અવરજવરને કારણે ટ્રાફિક શિરદર્દ સમાન બન્યો છે ત્યારે ટ્રાફિક નિયમનને અડચણરૂપ બનતાં વાહનો અને દબાણો અંગે તંત્ર સફાળું જાગતાં લોકોમાં અનેક તર્ક વિતર્કનો દોર ચાલુ થયો છે.



ગાંધીનગરના એ.એસ.પી. કરણરાજસિંહ વાઘેલા ચિલોડા પોલીસ મથકે તપાસ અર્થે આવી રહ્યા હતા ત્યારે હિંમતનગર તથા ગાંધીનગર સાદરા માર્ગમાં ચિલોડા સર્કલ આસપાસ વાહનચાલકો દ્વારા આડેધડ બેફામ વાહનો પાર્ક કરેલા નજરે પડતાં તમામ વાહન ચાલકો સામે લાલ આંખ કરવામાં આવી હતી. અમુક મુસાફરોને યોગ્ય બસ સ્ટેન્ડે ઉભા રહેવા સુચના આપી હતી. એ.એસ.પી. દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીથી સ્થાનિક પોલીસ તથા હોમગાર્ડસ જવાનો તુરંત જ હરકતમાં આવી કામે લાગી ગયા હતા. ચિલોડા સર્કલે માર્ગો પર બેફામ વાહનો પાર્ક કરતાં નડતરરૂપ ૧૫ જેટલા વાહનો સામે દંડની પાવતી આપ્યા બાદ જવા દેવામાં આવ્યા હતા. આમ વાહનચાલકો સામે લાલ આંખ કરવામાં આવતાં વાહનચાલકો તથા નાગરિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આમ ટ્રાફિક નિયમનની કામગીરીથી સમગ્ર વિસ્તાર ખુલ્લો બનતાં લોકોમાં રાહતની લાગણી પ્રસરી જવા પામી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સાદરામાં પ્રાઈમસ ફાટતા દાઝી ગયેલી પરિણિતાનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક સ્થિત સાદરા ગામમાં ઊમિયા સોસાયટી ખાતે રહેતી ૨૦ વર્ષિય પરિણિતા હિનાબેન મૌલીકભાઈ પટેલ ગઈકાલે સાંજે ઘરે કામ કરતી હતી તે દરમ્યાન પ્રાઈમસ ફાટતા શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી. તાત્કાલિક તેણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી હતી. જ્યાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી હિનાબેનનું આજે સવારે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ હતુ. એક વર્ષ પહેલા જ તેણીના લગ્ન થયા હતા. જેને પગલે ચિલોડા પોલીસમથકે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સમગ્ર તપાસ ડીવાયએસપીને સોંપવામાં આવી છે.

## સેક્ટર-૨માં મકાન માલીકને બીજે દિવસે ખબર પડી કે ઘરમાંથી દાગીના ચોરાઈ ગયા

### પત્નિ રસોડાનો દરવાજો ઓફીસ જતા વખતે બંધ કરવાનુ ભુલી ગઈ ને ૮૮ હજારના દાગીના ગાયબ થઈ ગયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સે. ૨ માં રહેતા કોન્ટ્રાક્ટર ગઈકાલે પાટણ હતા અને પત્નિ નોકરી ગઈ હતી તે દરમ્યાન પત્નિથી રસોડાનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. બીજા દિવસે સવારે અચાનક તિજોરી તરફ ધ્યાન ગયુ ત્યારે ખબર પડી કે દાગીનાની ચોરી થઈ ચુકી છે. રૂ. ૮૮ હજારની કિંમતના દાગીનાની ચોરી અંગે સે. ૭ પોલીસ મથકમાં મકાન માલીકે ફરીયાદ આપતા પીએસઆઈ વી.યુ. ગાડરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ સે. ૨-બી પ્લોટ નં. ૧૬૬/૧ ખાતે રહેતા નરેશભાઈ શ્રીભુવનદાસ પ્રજાપતિ ગઈકાલે સવારથી પાટણ ખાતે કોન્ટ્રાક્ટરનું કામ ચાલતુ હોવાથી ગયા હતા. તેમની પત્નિ પલ્લવીબેન નરોડા એસ.ટી. કોર્પોરેશનમાં એકાઉન્ટ ઓફીસર છે. તે ઘરને તાળુ મારીને ઓફીસ ગયા હતા. મોડી સાંજે બંને ઘરે આવ્યા ત્યારે ધ્યાને આવ્યુ કે પલ્લવીબેનથી રસોડાનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. રાત્રે સુઈ ગયા બાદ સવારે નરેશભાઈ એરપોર્ટ જવા નીકળ્યા ત્યારે પલ્લવીબેનનું ધ્યાન દાગીના જ્યાં મુક્યા હતા ત્યાં પડ્યુ હતુ. તો દાગીના જ ગાયબ હતા. પતિને ફોન કરીને બોલાવી લેવાયા અને પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. રસોડાનો દરવાજો ખુલ્લો હતો તે દરમ્યાન કોઈ અંદર ઘુસીને ૫૦ હજારનું પેન્ડલ વાળુ મંગળસૂત્ર, ૩૨ હજારની બુટ્ટી અને ૬ હજારની ચાંદીની સેર મળી રૂ. ૮૮ હજારના દાગીનાની ચોરી કરી ગયુ હતુ. જે અંગે નરેશભાઈની ફરીયાદ લઈ સે. ૭ પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

## વલાદ પાસે કેનાલમાં કુદીને ડભોડાની મહિલાનો આપઘાત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક ડભોડા પાસેના રામનગર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષીય મહિલા ગઈ સાંજે ઘરેથી વાઢીયાની દવા લેવા જવાનું કહીને નીકળી હતી. આજે સવારે વલાદ પાસે નર્મદા કેનાલમાંથી તેણીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી તપાસ શરુ કરી છે જો કે હજુ સુધી આપઘાતનું કારણ બહાર આવી શકયું નથી.

ડભોડા રામનગર વિસ્તારમાં રહેતી ૪૫ વર્ષીય મહિલા જીજાબેન ઈશ્વરજી ચાવડા ગઈ સાંજે પોતાના ઘરેથી વાઢીયાની દવા લેવા જઈ રહી હોવાનું કહીને નીકળી હતી. પરંતુ રાતભર પરત ફરી ન હતી. ચિંતાતુર પરિવારે કરેલી શોધખોળ બાદ પણ કોઈ સગડ મળ્યા ન હતાં. દરમ્યાન આજે વસારે વલાદ પાસે નર્મદા કેનાલના પાણીમાંથી જીજાબેનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. રાત્રી દરમિયાન મહિલાએ કેનાલમાં પડતું મુકયુ હોવાની આશંકા પોલીસે વ્યકત કરી છે. ડભોડા પોલીસ મથકના જમાદાર વનરાજસિંહે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## છાલા નજીક લકઝરીએ બે બાઈક સવાર યુવાનોને કચડી નાખ્યા

### છાલા જાતરમાં જઈને બાઈક પર ત્રણ સવારી પરત મહાદેવપુરા ફરી રહ્યા હતા ત્યારે બનેલી ઘટના : એક ગંભીર

ગાંધીનગર, તા. ૨૨

મહાદેવપુરા ગામના ત્રણ યુવાનો ગઈ મોડી સાંજે બાઈક પર છાલા ગામે જાતરમાં ગયા બાદ પરત ફરી રહ્યા હતા ત્યારે બેફામ આવી રહેલી લકઝરીએ બાઈકને અડફેટે લઈ બે આશાસ્પદ યુવાનોને કચડી નાંખ્યા હતા. બંને યુવાનોના કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે એકને ઘાયલ હાલતમાં હોસ્પિટલાઈઝ કરવામાં આવ્યો છે. ચિલોડા પોલીસે લકઝરી બસના ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.



હિંમતનગર તરફથી ચિલોડા જઈ રહેલી લકઝરી નં. જીજે-૦૫-બી.યુ.-૮૦૯૦ ના ડ્રાઈવરે છાલા નજીક મહાદેવપુરા ગામનાં પાટીયા પાસે ત્રણ સવારી બાઈકને અડફેટે લઈ લેતા ત્રણેય યુવાનો ગંભીર રીતે ઘવાયા હતા. જે પૈકી ૪૦ વર્ષિય સુરેશભાઈ બળદેવભાઈ પટેલ અને ૨૨ વર્ષિય હરકિશનભાઈ કનુભાઈ પટેલનું ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ નિપજ્યું છે. જ્યારે ભાવેશભાઈ રામજીભાઈ પટેલને ઘાયલ હાલતમાં સારવાર હેઠળ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. આ બનાવ અંગે મહાદેવપુરા ગામના રાજુભાઈ પટેલની ફરીયાદને આધારે ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ એ.બી. ચાવડાએ લકઝરી ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ઝુંપડા સંગઠન સમિતિએ મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા. ૨૨

રાજયના સમાજ કલ્યાણ વિભાગના અગ્ર સચિવ તરીકે કે.જી. વણઝારાને નિમણુંક આપવા બદલ ગાંધીનગર શહેર ઝુંપડા સંગઠન સમિતિ દ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને અભિનંદન પાઠવ્યા છે. ઝુંપડા સંગઠનના પ્રમુખે કે.જી. વણઝારાના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી આશા વ્યક્ત કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૪૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦

બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**

પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**

બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦

પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**

મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫

મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

ગબ્બર ઈસ બેક : ૭.૦૦

પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**

બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦

પીકુ : ૬.૪૫

ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. મુકેશભાઈ વીરજીભાઈ શર્મા (ઉ.વ.૫૪) સે-૨૫, સહકાર કોલોની, ગાંધીનગર
- સ્વ. પદ્માબેન ગોપીનાથન નાયર (ઉ.વ.૬૧) પ્લોટ નં.૧૨/૨, સે-૩એ ન્યુ, ગાંધીનગર
- સ્વ. સુશીલાબેન મૂળજીભાઈ પટેલ (ઉ.વ.૮૦) જૈન દેરાસર પાછળ પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાર્તિયાયની નાયર (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૨૫૮/૧, સે-૪એ, ગાંધીનગર